## દિવ્ય વિચાર

ઈચ્છાઓ પુરીન થાય તો ક્રોધ વધે, અને ઈચ્છાઓ પુરી થાય તો લોભ વધે.

## ચાણક્ય નીતિ



દૂરંદેશી વિચાર નથી, સાથીદારની શકિત અને શત્રુની નબળાઈ જાણતો નથી તેની હાર નિશ્ચિત હોય છે.

## કટાક્ષ

એક પત્નીની પ્રાર્થના
"હે ઈશ્વર મને ભલે વિધવા કર પણ મારા ધણીને કંઈ કરતો નહિ"

## હાસ્યનો હલવો

પુત્ર : મમ્મી ગાંધીજીને માથામાં ટાલ કેમ છે ?
મમી : તે હમેશા સત્ય બોલતા હતા તેથી.
પુત્ર : હં... હવે સમજાણું....
તારા વાળ કેમ આટલા લાંબા છે.

## કડવા સચ

સગા
એટલા
દગા

## આજનો SMS

જબ દિન નીકલતા હૈ તો
નાજુક હસીનાઓ પર નિગાહે ટુટ પડતી હૈ
લગતાહૈ ઉસકી હિફાઝત કે લીયે
ખુદાને રાત બનાઈ હૈ

# અદાણી ગુજરાતમાં હવે અંબાણીને ટક્કર આપશે

### અદાણીની પેટ્રોકેમિકલ્સ ફેકટરી શરૂ કરવા જર્મની કંપની સાથે ૧૬૦૦૦ કરોડની ડીલ




નવી દિલ્હી, અંબાણી અને અદ્યણી ગ્રુપ વચ્ચે હવે ટૂંક સમયમાં નવી કોર્પોરેટ વોર છેડાનાર છે. અદ્યણી ગ્રુપે જર્મન કેમિકલ્સ કંપની BASFસાથે ભાગીદારીની જાહેરાત કરી છે. જર્મનીની આ કંપની સાથે અદ્યણીને રૂ.૧૬,૦૦૦ કરોડની ડીલ થઇ છે, આ પાર્ટનરશિપ હેઠળ અદ્યણી અને BASF બંને મળીને ગુજરાતમાં રૂ. ૧૬,૦૦૦ કરોડની પેટ્રોકેમિકલ્સ ફેક્ટરી શરૂ કરશે.

હાલ ભારતીય પેટ્રોકેમિકલ્સ સેક્ટરમાં મુકેશ અંબાણીની રિલાન્સ ઈન્ડસ્ટ્રીઝનો દબદબો છે. અદ્યણી ગ્રુપ અને BASF દ્વારા એક નિવેદન જારી કરીને જણાવાયું છે કે ગુજરાતના મુંદ્રા જિલ્લામાં પેટ્રોકેમિકલ ફેક્ટરી ખોલવા ઉપરાંત પવન અને સોર ઊર્જા પ્લાંટ સ્થાપિત કરવામાં આવશે. અદ્યણી અને BASFની ભાગીદારીથી આકાર લેનારા વેન્ચરમાં જર્મન કંપની BASFની ભાગીદારી વધુ હશે, જોકે પાવર વેન્ચરમાં BASFની ભાગીદારી ઓછી હશે.આ પ્લાંટ ફેક્ટરની વીજળીની જરૂરિયાનની પણ પૂર્તતા કરશે. BASF અને અદ્યણી ગ્રૂપે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં એમઓયુ સાઈન કરેલ છે. BASFનું ભારતમાં આ સૌથી મોટું રોકાણ હશે. જોકે હજુ સુધી બંને કંપનીએ જોઈન્ટ વેન્ચર અંગે વધુ માહિતી આપી નથી.

# ગણતંત્ર દિવસે લોકશાહી થી ટોળાશાહી તરફ ઢસડાતી 'આઝાદી' બચાવો

હાલત-એ-મુલ્ક દેખ કે રોયા ન ગયા
કોશિશતો કી પર મુંહ ઢક કે સોયા ન ગયા
વે જો ઝલેથે ફાંસી પર સિનો પે ગોલી ખાઈ થી
આજ વે સોચ તે હોંગે 'કયાં ઈસલિયે આઝાદી દિલાઈથી'

કડવું છે પણ સત્ય છે. લાયકાત કે સંઘર્ષ વગર આપણને જે કંઈ વસ્તુ મળે છે તેનું 'મુલ્ય' રહેતું નથી

છેલ્લા કેટલાક સમયથી લોકશાહી ના ચાર સ્થંભ પૈકીના જયુડીશીયલ સ્તંભમાં તિરાડો પડી ગઈ છલે. સુપ્રિમ કોર્ટના ૪ સિનિયર જજો ન્યાયની આશા રાખી જનતા પાસે આવે તો જનતા કોની પાસે જશે તે એક સવાલ છે.

માત્ર અભિવ્યક્તિની આઝાદીનું નામ ચલાવી એક ફિલ્મને મંજુરી આપી આખા દેશને અરાજકતામાં દોરી જનાર પણ આજ સિસ્ટમ છે. બહુ ગાજેલા હિટ એન્ડ રન કેસ, રજી કેસ, હરણ શિકાર કેસ વગેરેના જજમેન્ટ પર જનતાને આઘાત લાગેલો છે. અહી જયુડિશીયલ સિસ્ટમની જવાબદારી બને છે કે સામાન્ય લોકોનો તેમાં રહેલો વિશ્વાસ ન ડગમગાવો જોઈએ છતા આવા ન્યાયથી તેમાં ઘટાડો થયો છે.

લોકશાહી બોડી ડામાડોળ થાય ત્યારે અનેક લેભાગુઓ આંદોલનની આગ લગાડે છે અને મીડિયા તેમાં ઘી નાખવાનું કામ કરે છે. આવી આગમાંથી કેટલાંય તકસાધુ કનૈયાઓ, ખાલીદો, જીજ્ઞેશો, હાર્દિકો, અલ્પેશો, ઓવેશીયો પેદા થાય છે. આમ તો દેશમાં વ્યક્તિ ભારતીય તરીકે જન્મે છે. પણ રાજકારણીઓ તેને નાત-જાત માં બાંટવાનું કામ કરે છે.

મીડિયામાં થતુ પીળુ પત્રકારત્વ, પેઈડ ન્યુઝ, ફેવરેબલ ન્યૂઝ વગેરે બદીઓ આજે ફેશન ગણાય છે. નામી ન્યુઝ ચેનલો તથા અખબારો જોતા આપણે સ્પષ્ટ જણાય છે કે આ લોકો ફલાણા રાજકીય પક્ષ તરફથી છે કે ઢીકણા રાજકીય પક્ષ તરફી છે.

અને મોટેભાગે લોકો સત્ય નથી જાણી શકતા. આ દેશમાં જાત-જાતે અને ધર્મને નામ થતા ગોરખ ધંધાઓ, હુલ્લડો, જાહેર મિલ્કતોને નુકસાન, ચક્કાજામ, આર્થિક તથા સામાજીક ગુનાઓ, કરચોરી વગેરેથી અમુક વર્ગને ચોક્કસ લાગ

**તેજસ વ્યાસ , ધ્રોલ**
**મો. ૭૯૮૪૪૩૯૩૩૬**

થતો હશે પરંતુ આઝાદી તથા દેશને તો નુકસાન જ થાય છે. આ સ્થિતિ જોઈ શહીદ થયેલા દેશના નેતાઓ પણ સમસમી રહ્યા હશે તેને પણ કાળજે ઘા લાગતો હશે.

રાષ્ટ્રપિતા ગાંધીજીને ભ્રષ્ટાચાર ખટકતો હશે, વલ્લભભાઈને પણ પથ્થર મારો નડતો હશે, ડૉ. આંબેડકરને પણ આગજની દઝાડતી હશે. નેતાજીને પણ નપુંસક સિસ્ટમ ડંખતી હશે.

આવી ટોળાશાહી તો લોકશાહીનું અંગ છે. આટલા મોટા દેશમાં આવુ બધુ ચાલ્યા કરે આપણે એમા કંઈ ફેર નથી ડતો. ગામ હોય ત્યા ઉકરડો તો હોય જ, પબ્લીક પ્રોપર્ટીને નુકસાનએ આપણું કયાં નુકસાન છે

આવી ઘણી બધી દલીલો કહેવાતા બુદ્ધિજીવીઓ કરતા હોય છે એ લોકોને કહેવાનું કે શરીરના એક અંગ પર ગુંમડુ થયુ હોય તો તમે તેને ચલાવી લો છો? અરે એક તુચ્છ માખીને પણ આપણે આપણા અંગ પર બેસવા ન દેતા હોય તો આ વિશાળ દેશમાં આવા આખા 'મધપુડા' ને શા માટે ચલાવી લઈએ?

ઓકે મુકો એ બધા ગુમડાઓને એ આજના આ 'પ્રજાસત્તાક પર્વ' નિમિત્તે આપણે સંકલ્પ કરી કે દેશને ગતિમાન રાખવા, આગળ વધારવા દેશ માટે કંઈક કરી છુટીએ, યાદ રાખો 'દરેક રાષ્ટ્ર તેના નાગરિકોથી બને છે નહી કે રાષ્ટ્રના લોકો રાષ્ટ્રથી'

મિત્રો અનેક લોકોના સદીઓથી કરેલા કાર્યોથી, બદલીદાનોથી, શૌર્યથી, મહેનતથી, સંકલ્પોથી, આયોજનથી આ દેશ આ રાષ્ટ્ર આજે અહીં પહોંચ્યુ છે. આજે આપણે આર્થિક, સામાજીક, વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ, આધ્યાત્મિક અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યા છીએ, વિશ્વમાં ભારતની છાપ એક લીડર તરીકે વિકસીત થઈ રહી છે ત્યારે વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાના નાતે અને ગણતંત્ર દિવસની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે આવી માખીઓને જલદી ઉડાવીએ..

હમ મોડને ચલે હૈ યુગ કી પ્રચંડ
ધારા, કહી લડખડા ન જાએ,
હે નાથ દો સહારા,
દુષ્પ્રવૃતિયાં બઢી હૈ, ઉનકો
ઉખાડના હૈ , સ્વાર્થ કી બસ્તિયો કો,
અબતો ઉજાડના હૈ ,
મિટ જાએ ફિર અસુરતા,
યહ લક્ષ્ય હો હમારા
ગિરતે હૈ ઉઠતે ઉઠતે, હે નાથ દો
સહારા

# પીએફ પર વ્યાજદર વધ્યા છ કરોડ ખાતાધારકોને લાભ થશે




સરકારે પીએફ સહિત ૧૦ ભવિષ્યનિધિ પર વ્યાજદર ૭.૮ ટકાથી વધારી આઠ ટકા કર્યો

નવી દિલ્હી, મંગળવાર કેન્દ્રની મોદી સરકારે સામાન્ય માનવીને વધુ એક ભેંટ આપી છે. સરકારે પીએફ સહિત ૧૦ ભવિષ્યનિધિ પર ત્રણ મહિનાનું વ્યાજ જાહેર કરી દીધું છે તેમાં જમા રકમ પર આઠ ટકા વ્યાજ મળશે. આમ, સરકારે પીએફના વ્યાજદરમાં વધારો કરી દીધો છે. કેન્દ્ર સરકારે ગત ક્વાર્ટર પહેલાં ૭.૮ ટકા વ્યાજ આપતી હતી, જે હવે વધારીને ૮ ટકા કરી દીધું છે.

ઈપીએફઓના નોટિફિકેશન અનુસાર નવા દર ૧ જાન્યુઆરીથી અમલી બનશે. તેનો સીધો ફાયદો દેશના છ કરોડ ખાતાધારકોને મળશે. આમ, નવા નોટિફિકેશન અનુસાર ૧ જન્યુઆરીથી ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી પીએફ સહિત ૧૦ ભવિષ્યનિધિ પર ૮% વ્યાજ મળશે. ઈપીએફઓએ તમામ વિભાગોને નોટિસ જારી કરીને સ્પષ્ટ કરી દીધું છે કે આ વ્યાજ ગત ક્વાર્ટરની સમકક્ષ રાખવામાં આવે, પરંતુ જમા રકમ પર તેના પહેલાનું વ્યાજ ૦.૨ ટકાથી ઓછુંમળશે.

ઈપીએફઓ હવે ટૂંક સમયમાં એક મોટો નિર્ણય લેનાર છે. આ નિર્ણય હેઠળ સબસ્ક્રાઈબરને પોતાના ફાળામાંથી શેરબજારમાં કરવામાં આવતા રોકાણને વધારવા કે ઘટાડવાનો વિકલ્પ મળી શકશે. આ ઉપરાંત ઈપીએફઓ અન્ય ઘણા સામાજિક સુરક્ષા લાભ કે ભંડોળના વ્યવસ્થાપન માટે ડિજિટલ મની જેવી સુવિધા ઉપલબ્ધ કરી શકે છે. હાલ ઈપીએફ ખાતાધારકોની જમા રકમના ૧૫ ટકા સુધી એક્સચેન્જ ટ્રેડેડ ફંડમાં રોકાણ કરે છે. અત્યાર સુધીમાં તેમાં ૫૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. ખાતાધારકોની સુવિધા માટે ઈપીએફઓ એક એવું સોફટવેર તૈયાર કરી રહી છે, જે પીએફમાં કેશ અને ઈટીએફના ભાગને અલગ અલગ દર્શાવશે, આ નવી સિસ્ટમના કારણે પીએફના નાણાં ક્યાં ક્યાં રોકવામાં આવ્યાં છે તે સરળતાથી જાણી શકાશે.



# મોરબીઃ પટેલનગરમાં પાણીની મુખ્યલાઈનમાં ભંગાણ : પાલિકા નિંદ્રામાં!

મોરબીમાં આ વર્ષે થયેલા અપુરતા વરસાદને કારણે પીવાના પાણીની તંગી સર્જાઈ તેવી સ્થિતિ વચ્ચે મોરબીના રવાપર રોડ ઉપર પટેલનગર નજીક દરરોજનું લાખો લીટર પાણી વેડફાઈ રહ્યું છે. છતાં આ ગંભીર બાબતે પગલાં ભરવાને બદલે મોરબી પાલિકા અને પુરવઠા તંત્ર એકબીજા પર ખો નાખી પાણીનો વેડફાટ અટકાવવાને બદલે બેદરકારી દાખવી રહી હોય ત્યારે સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો છે.

મોરબીના રવાપર રોડ પર આલાપ પાર્કની બાજુમાં પટેલનગર સોસાયટીમાં તંત્રના વાંકે દરરોજ ૫ થી ૭ લાખ લીટર પાણીનો વ્યય થઈ રહ્યો છે. આ વિસ્તારમાં આવેલ પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થતા અછતની પરિસ્થિતિમાં છેલ્લા છેલ્લા ઘણા સમયથી પાણીનો બેફામ વેડફાટ થતા સ્થાનિકો રોષે ભરાયા છે. સોસાયટીના પ્રમુખ કેતનભાઈ દાવડા, મણીભાઈ બાવરવા, રતિલાલ મેરજા, સિરીશભાઈ કાવર સહિતના રહીશોએ પાઈપલાઈન તુટી જવાની અનેક વખત પાલિકા તેમજ પાણી પુરવઠા બોર્ડમાં ફરિયાદ કરી છે. પરંતુ આ બંન્ન વિભાગ એકબીજા પર ખો આપી ઉડાઉ જવાબ આપી રહ્યા છે. આ પ્રશ્નનું વહેલાસર નિરાકરણ લાવી પાણીનો બીનજરૂરી વ્યય થતો અટકાવવા માંગ ઉઠી છે.

# એસ.ટી.ની ઈ-ટિકિટ બુકિંગમાં ૪ થી ૬ ટકાનું ડિસ્કાઉન્ટ : રૂપાણી

### ૧૯૫૪ કન્ડકટરોને નિમણુંક પત્ર એનાયત કરાયા

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત એસ.ટી. નિગમમાં નવા જોડાઈ રહેલા ૧૯૫૪ કન્ડકટર યુવા-યુવતિઓને નિમણુંક પત્રો એનાયત કરવા સાથે માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ઈન્ટર સ્ટેટ બસ સંચાલનનો પ્રારંભ કરાવતા જાહેર કર્યુ કે, એસ.ટી. નિગમની ઓફિશિયલ ઈ-બુકિંગ સાઈટ તેમજ મોબાઈલ ઈ-બુકિંગ એપ્લિકેશનથી ટિકિટ બુકિંગ પર ૪ થી ૬ ટકાનું ડિસ્કાઉન્ટ અપાશે.

આ સંદર્ભમાં તેઓએ કહ્યું હતુ કે પ્રિમિયમ બસ અને એસી તથા વોલ્વો બસના આવા બુકિંગમાં ૬% તેમજ નોન પ્રિમિયમ બસ, ગુર્જરનગરી, એક્સપ્રેસ કે સાદી સ્લીપર બસના ભાડામાં ૪% ડિસ્કાઉન્ટ આપવાનું છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાનના ડીઝીટલ ઈન્ડિયાના



સંકલ્પને પાર પાડવાની દિશામા આ એક મહત્વપૂર્ણ કદમ ગણાવ્યુ હતુ. મુખ્યમંત્રીએ નવનિયુક્ત કન્ડકટરોને તેમના વર્તન વ્યહારથી પ્રજા માનસમાં એસ.ટી.ની શાખ પ્રતિષ્ઠા વધુ ઉંચી લઈ જવા પ્રેરણા આપી હતી. પારદર્શી અને ઈમાનદારીથી થયેલી આ ભરતી પ્રક્રિયાથી ઘણા લાંબા સમય બાદ એસ.ટી. નિગમમાં આ સુદ્રઢ સ્થિતિ બની છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં જિલ્લા મથકોએ બસ પોર્ટના નિર્માણની નેમ વ્યક્ત કરતા એસ.ટી. નિગમના બસ ડ્રાઈવરોને સારથી અને કન્ડકટરોને માર્ગદર્શક કૃષ્ણની ઉપમા આપી તેમની સેવાઓથી રાજ્ય અને રાજ્ય બહાર સૌના મનમાં ગુજરાતની આગવી પ્રતિભા જાળવી રાખવા આહવાન કર્યુંહતું.

# ભારતમાં રાતના સમયે ૪.૫ ગણું ફાસ્ટ ચાલે છે ઈન્ટરનેટ



**લંડનની ટેસ્ટર કંપની ઓપન સિગ્નલે ભારતના ૨૦ શહેર પર રિપોર્ટ જારી કર્યોઃ ઈન્ટરનેટની ડાઉનલોડ સ્પીડ રાત્રે ૧૦:૦૦ વાગ્યે સૌથી ધીમી અને સવારે ૪:૦૦ વાગ્યે સૌથી ફાસ્ટ હોય છે.**

દેશમાં રાતના સમયે ઈન્ટરનેની સ્પીડ દિવસની સરખામણીમાં ૪.૫ ગણી વધુ મળે છે. સવારે ૧૦:૦૦ વાગ્યાથી રાતના ૧૦:૦૦ વાગ્યા સુધી ૪-જી ડાઉનલોડ સ્પીડ સરેરાશ ૬.૫ એમબીપીસી કરતાં પણ ઓછી હોય છે. રાત્રે ૧૨:૦૦ વાગ્યા બાદ આ સ્પી વધવાનું શરૂ થાય છે. વાયરલેસ મેકિંગ કંપની એપલ સિગ્નલે ભારતના શહેરો પર જારી પોતાના રિપોર્ટમાં આ વાત જણાવી છે.

સ્પીડ ટેસ્ટર કંપની ઓપન સિગ્નલના જણાવ્યા મુજબ દેશમાં રાત્રે ૧૦:૦૦ વાગ્યે ડાઉનલોડ સ્પીડ સૌથી ઓછી ૩.૭ એમબીપીએસ અને સવારે ૪:૦૦ વાગ્યે સાડા ચાર ગણી વધુ એટલે કે ૧૬.૮ એમબીપીએસ હોય છે. મોબાઈલ ઈન્ટરનેટની ડાઉનલોડ સ્પીડ તેના ઉપયોગ પર નિર્ભર કરે છે. નેટવર્ક જેટલુ બીઝી રહેશે તેટલી ઓછી સ્પીડ યુઝરને મળશે.

ઓપન સિગ્નલના જણાવ્યા મુજબ રાત્રે મોટા ભાગના લોકો પોતાના મોબાઈલ પર વીડિયો જુએ છે. તેની અસર નેટવર્ક પર પડે છે અને ડાઉનલોડ સ્પીડ પ્રભાવિત થાય છે. સવારે ૪:૦૦ વાગ્યે મોટા ભાગના યુઝર્સ સુતા હોય છે. તે સમયે નેટવર્કનો ઉપયોગ એટલો વધુ થતો નથી તેથી સ્પીડ વધારે મળે છે.

ઈન્ટરનેટની સ્પીડ ક્ષેત્રના હિસાબે પણ અલગ અલગ હોય છે. રિપોર્ટ મુજબ દેશમાં જ્યારે નેટવર્ક બિઝી રહે છે ત્યારે સરેરાશ ડાઉનલોડ સ્પીડ ૨.૫ એમબીપીએસથી ૫.૬ એમબીપીએસ વચ્ચે રહે છે.

જ્યારે નેટવર્કનો ઉપયોગ વધુ થતો નથી ત્યારે ૪-જીની સરેરાશ ડાઉનલોડ સ્પીડ ૯.૯ એમબીપીએસ થી ૧૯.૯ એમબીપીએસની વચ્ચે રહે છે.

ભારતના અલગ અલગ શહેરમાં ઈન્ટરનેટની ડાઉનલોડ સ્પીડ અલગ અલગ હોય છે. મુંબઈમાં ૪-જીની ડાઉનલોડ સ્પીડ સૌથી વધુ ૮.૬ એમબીપીએસે. અલ્લાહબાદમાં સૌથી ઓછી ૪ એમબીપીએસ છે.

# મોરબીઃ જિલ્લા ભાજપ પ્રમુખ રાઘવજીભાઈ ગડારાની રજુઆત

### મોરબી જિલ્લામાં પણ જવાહર વિદ્યાલય બનાવવા માંગ

તાજેતરમાં નવા બનેલા સાત જિલ્લા પૈકી છમાં જવાહર નવોદય વિદ્યાલય શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે નવાબનેલા મોરબી જિલ્લામાં પણ જવાહર વિદ્યાલય બનાવવાની માંગ ઉઠી છે. આ બાબતે જિલ્લા ભાજપ અધ્યક્ષ રાઘવજીભાઈ ગડારા દ્વારા જિલ્લા કલેકટર તેમજ મોરબી અને કચ્છના સાંસદોને રજુઆત કરવામાં આવી છે.



રજુઆતમાં જવાહર નવોદય વિદ્યાલય શરૂ પણ થઈ ગઈ છે. પરંતુ મોરબી જિલ્લામાં હજુ સુધી વિદ્યાલય શરૂ થઈ નથી. જે છ નવા જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલય શરૂ થઈ છે તેમાં વૈકલ્પિક વ્યવસ્થા અંતર્ગત ૧૬ રૂમ વાળી બિલ્ડીંગ ફાળવવામાં આવી છે. હાલ ત્યા છેલ્લા ૨ વર્ષથી શૈક્ષણિક કાર્ય ચાલુ છે. જો આ પ્રકારની વૈકલ્પિક સુવિધાવાળુ બિલ્ડીંગ મોરબી જિલ્લામાં મળી જાય તો નવા શૈક્ષણિક વર્ષ દરમિયાન જવાહર નવોદય વિદ્યાલય મોરબીમાં પણ શરૂ થઈ શકે તેમજ જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના તેજસ્વી વિદ્યાર્થીઓને જવાહર નવોદય વિદ્યાલય દ્વારા સીબીએસઈનો અભ્યાસક્રમ ભણવા મળે.

કેન્દ્ર સરકાર દ્વારા જવાહર નવોદય વિદ્યાલય માટે જમીનની ફાળવણી પણ કરી દીધેલ છે. પરંતુ અમુક કારણોસર તેને બહાલી મળી નથી. ઉપરાંત કેન્દ્ર સરકારે રૂા. ૨૦,૦૦૦,૦૦૦૦ ફાળવેલ છે. તેનો ઉપયોગ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા તેમજ હાલ પુરતી બિલ્ડીંગની વ્યવસ્થા કરવા માટે મોરબી જિલ્લામાં ઘણી બધી સરકારી તેમજ અર્ધસરકારી શાળાઓ હોય આવી શાળાના બિલ્ડીંગમાં વિદ્યાલય શરૂ કરાય તો વિદ્યાર્થીઓનો અભ્યાસ રાખેતા મુજબ થઈ શકે તે માટે યોગ્ય કાર્યવાહી કરવા માટે મોરબી જિલ્લા ભાજપ અધ્યક્ષ રાઘવજીભાઈ ગડારા દ્વારા મોરબી જિલ્લા કલેકટર, કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા તથા રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારિયાને રજુઆત કરવામાં આવી છે.

# લોકસભાની ચૂંટણી પહેલા દેશમાં લદાશે ફેસબુક સંહિતા!



ફેસબુક ઈન્કોર્પોરેશને રોઈટરને મંગળવારે જણાવ્યુ કે ભારત, નાઈજીરીયા, યુક્રેઈન અને યુરોપિયન સંઘમાં આવનારા મહિનાઓમાં યોજાનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી હસ્તક્ષેપને નિયંત્રણમાં રાખવા રાજકીય જાહેરાત માટે કાયદા વિસ્તૃત કરી રહ્યું છે. દરેક મોટા દેશોમાં સૌથી મોટી સોશિયલ મીડિયા સર્વિસ તરીકે ફેસબુક ૨૦૧૬ થી રાજકારણીઓ અને તેમના ટેકેદારો માટે ફેક ન્યૂઝ અને અન્ય પ્રચાર સામગ્રી માટે એક મહત્વનું પ્લેટફોર્મ બની રહ્યું છે. ફેસબુક એડની ખરીદીથી એ સામગ્રીનો વ્યાપ વધી જશે એમાં કોઈ બેમત નથી. જોકે તેની આ વધતી વગથી ચૂંટણીના કાયદા તથા કંપનીની નીતિઓનો કદાચ ભંગ થઈ શકે છે. વિશ્વભરના સત્તાવાળાઓના દબાણ હેઠળ ફેસબુકે ગયા વર્ષે રાજકીય જાહેરાતને નજરઅંદાજ કરવા કેટલાક પગલાં ભર્યા છે. બુધવારે નાઈજીરિયામાં ફક્ત દેશમાં રહેલા જાહેરખબર દાતાઓ જ ચુંટણીની જાહેર ખબર આપી શકશે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આવતા મહિને ફેસબુક ચૂંટણી જાહેરખબરનો પ્રારંભ કરશે. જોકે એ જાહેરખબરો સર્ચેબલ ઓનલાઈન લાઈબ્રેરીમાં શરૂ થશે. એમ કંપનીના પ્રોડકટ મેનેજમેન્ટના ડિરેક્ટર રોબ લેખને જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે અમે દરેક દેશમાંથી શીખી રહ્યા છીએ. અમને ખબર છે કે અમે કાંઈ સંપુર્ણ નથી. પરંતુ અમારૂ લક્ષ્ય ચાલુ રહીને સુધારા કરતા જવાનું છે.

# ભુલવાની બીમારી હોય તો રોજ કરો એક્સરસાઈઝ



જો તમે હંમેશા વસ્તુઓ ભુલી જતા હોય, કોઈ વસ્તુ યાદ રાખી શકતા ન હો તો બની શકે તમારામાં ભુલવાની બીમારીના લક્ષણ દેખાવા લાગ્યાં હોય, પરંતુ રોજ કસરત કરીને કે ઘરના રોજિંદા કામ કરીને તમે તમારા સ્મરણશક્તિ જાળવી રાખી શકો છો. મોટી ઉંમરના વયસ્કો જેનામાં અલ્ઝાઈમરનાં લક્ષણ દેખાવા શરૂ થઈ ગયા હોય તે રોજ વ્યાયામ કે ઘરના રોજિંદા કામ કરે તો તેની યાદશક્તિ જાળવી શકે છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે સ્વાસ્થય સુધારવા મગજપ પર સકારાત્મક અસર પેદા કરવા માટે વ્યાયામ સૌથી સસ્તો ઉપાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું કે સક્રિય જીવનશૈલીની સીધી અસર મગજ પર પડે છે અને એક રક્ષાત્મક કવચ તૈયાર થાય છે.

# ચેનલની પસંદગી કેમ કરશો? 'ટ્રાઈ' એ લોન્ચ કરી એપ્સ




હવે એપ્લિકેશન દ્વારા સબસ્ક્રાઈબર્સ જાણી શકશે પોતાની પસંદગીની ચેનલ પર કેટલું પેમેન્ટ કરવાનું છે ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈએ ડીટીએચ અને કેબલ ટીવીના સબસ્ક્રાઈબર્સની સુવિધા માટે એક વેબ એપ્લિકેશન લોન્ચ કરી છે. આ દ્વારા તેઓ પોતાના સબસ્ક્રિપ્શન ટેક્સ અને તેની કિંમતોનો અંદાજ લગાવી શકશે. ટ્રાઈએ આ પહેલા ૧ જાન્યુઆરીથી લાગુ થતા નવા ટેરિફ પ્લાનના લાગુ થતા પહેલા દર્શકોની મુંઝવણને દુર કરવા માટે કરી છે.

તમારી પસંદગીની ચેનલ એ જ રીતે જોડી શકાશે જેવી રીતે શોપિંગ કાર્ડ પર ગ્રાહક પોતાની પસંદગીનો સામાન એડ કરે છે. તમામ ચેનલને એક વખત એડ કરી લીધા બાદ અંતિમ પ્રાઈઝ દર્શાવાશે આ વેબ એપ્લિકેશના છે. https://channel.trai.gov.in/ ટ્રાઈની આ એપ્લિકેશન પર તમારી પસંદગીની ચેનલ સિલેકટ કર્યા બાદ બિલ ડિસ્પ્લે થાય છે. સબસ્કાઈબર્સ તેની પ્રિન્ટ કાઢી શકે છે. આ પ્રિન્ટ પોતાના સર્વિસ પ્રોવાઈડર્સને આપવામાં આવે છે.

'ઘરના ઘર જેવું ભોજન જમવા
એક વખત અવશ્ય પધારો'
જમવાની સાથે બાળકો માટે એન્ટરટેઈન્મેન્ટ તો ખરૂ જ...

# ઉમા
## રેસ્ટોરન્ટ
(હળવદવાળા)

ગુજરાતી | પંજાબી
કાઠીયાવાડી | ચાઈનીઝ

ઉમા રેસ્ટોરન્ટ
મોરબી-રાજકોટ હાઈવે, જુના મહિન્દ્રા શો-રૂમ સામે,
મારૂતિ કોમ્પ્લેક્ષ, મુ. વિરપર, તા. ટંકારા
M. 9737 55 77 88



+91 99787 99737 +91 70162 91135

# Vidhi Enterprise

:: Authorise Dealer of ::
Nestlé
Cadbury
BRITANNIA

Dev Akshar Complex,
1st Floor, Near. Nehru Gate,
Saradar Road, MORBI

vidhienterprise2019@gmail.com



The V.C. NAGAR
Apne Sapno ka Ghar!

અવિશ્વસનીય કિંમતમાં તમારા સ્વપ્નનાં ઘરનું આજેજ બુકિંગ કરાવો

ભાડાને હપ્તામાં બદલો
બસ થોડી હિંમત કરો..
हर परिवार एक घर।

ફકત ૧૧૦૦૦માં

પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ ઉઠાવો, સરકારી સબસીડીનો લાભ મેળવો

:સુવિધાઓ:
- ખુલ્લી હવા ઉજાશ
- સિનિયર સિટીઝન એરીયા
- ચિલ્ડ્રન પાર્ક
- સિકયોરિટી ગાર્ડ-સીસીટીવી
- ૫૦ થી વધુ શોપિંગ મોલ
- લોનેબલ, ટાઈટલ કિલયર

1BHK, 2BHK Duplex
Affordable Home

દસ્તાવેજ ખર્ચ, અન્ય સરકારી ખર્ચ, GST, લોન ખર્ચ, PGVCL કનેકશન જેવા તમામ વધારાના ખર્ચમાંથી આપને છૂટકારો



-:સંપર્ક:- 99259 36649 | 63558 80476 | 76006 00692

ઓફિસ એડ્રેસ: જુના બસ સ્ટેન્ડ પાસે, અયોધ્યાપુરી મેઈન રોડ, જીવનદિપ હોસ્પિટલ સામે, મોરબી.



CREATIVES EXHIBITION
Fashion - Life Style - NRI & Wedding Special
- Designer Dress
- Western Outfits
- Accessories Jewellery
- Wedding Collection
- Diamond Jewellery & many more...

02 SAT | 03 SUN | FEB 2019
Time 10:00 AM TO 09:00 PM

Sky Mall (AC)
Sanala Road, Morbi.
creatives exhibition
FREE ENTRY WITH THIS INVITATION*(for 1 person) Share Facebook Page & Get free Entry
For Sponsorship & Stoll Booking 7201072007 | 9227810007



Hardik Patel : Cell: 78749 49865
brand yuva
Men's Wear
Opp. SKY Mall, Above Deluxe Parlour, Sanala road, Morbi



પરેશભાઈ (અંબાલા) : 96620 51952 નિશિતભાઈ (નસીતપર): 95866 08666
ન્યુ ચોઈસ
તા. ૨૬-૧-૨૦૧૯ થી ૩૧-૧-૨૦૧૯
25% ડિસ્કાઉન્ટ જેન્ટસવેરમાં | ચિલ્ડ્રનવેરમાં 35% ડિસ્કાઉન્ટ
જાહેરાતનું કટિંગ અથવા મોબાઈલ આ જાહેરાતનો ફોટો બતાવો અને મેળવો 5% એકસ્ટ્રા ડિસ્કાઉન્ટ
શોપ નં. ૬-૭, અવની ચોકડી, તુલસી શોપિંગ, કેનાલ રોડ, મોરબી



રજનીશ પટેલ
M. 9925625009
lalan FASHION
કટલેરી એન્ડ ઈમીટેશન
તુલસી કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૮, અવની ચોકડી, રવાપર રોડ, મોરબી



નરેશ પટેલ: +91 97272 32999 ધિમંત પટેલ: +91 99795 00544
A/c. Restorant
Madhav Hotel
ચાઈનીઝ | સાઉથઈન્ડીયન
વિશાળ ગાર્ડનમાં ૫૦૦ થી વધુ વ્યક્તિઓનો સમાવેશ ધરાવતી મોરબીની એકમાત્ર હોટલ
બર્થ-ડે પાર્ટી, એન્ગેજમેન્ટ પાર્ટી, દરેક શુભ પ્રસંગે ૨૫૦ થી વધુ સમાવેશ થાય તેવા હોલની સુવિધા, એન્જોયમેન્ટ માટે વિશાળ જગ્યામાં બગીચા અને બાળકો માટે રમત ગમતની સુવિધા તેમજ સ્વાદિષ્ટ ભોજન માટે ઉત્તમ સ્થળ.
કાઠીયાવાડી | પંજાબી
- માધવ હોટલ -
મોરબી-રાજકોટ હાઈવે, પરફેક્ટ મારૂતિ શો-રૂમ ની સામે, મોરબી. મો. ૯૭૧૨૭ ૯૭૧૧૩



Rahul Kanjiya - 83208 77878
BEAUTY Hair Salon
VAIBHAV
HAIR & BEAUTY SALON
Opening Shortly
First floor, Shop No. 1, Shiv Plaza Complex, Opop. Aevenue Park, Ravapar Main Road, Morbi Ph: 02822-227574



વાંચક દેવો ભવઃ
દિવ્યક્રાંતિ
સતત મોબાઈલ પર ન્યુઝ અપડેટ મેળવવા માટે આપનું નામ અને શહેરનું નામ લખી
9723162036
નંબર પર વોટસએપ કરો



વાંચક દેવો ભવઃ
દિવ્યક્રાંતિ
મોરબી શહેરમાં વંચાતા અખબારો કરતાં સૌથી વધુ નકલનો ફેલાવો ધરાવતા અખબારમાં પરિણામલક્ષી જાહેરાત માટે સંપર્ક કરો
જયદેવ બુધ્ધભટ્ટી - ૯૭૨૩૧૬૨૦૩૬

વાંચક દેવો ભવઃ

# દિવ્યક્રાંતિ

HAPPY REPUBLIC DAY

Dt. 26-01-2019, Saturday RNI Reg. No. GUJGUJ/2013/56930

Owner - Jaydev K. Budhbhatti : 09723162036 • Editor - Kishan Budhbhatti : 07567683111 • Web: www.divyakranti.com • E-mail: divyakrantinews@gmail.com • Fb.com/divyakrantinews • Price : 3.00 • 97231 62036 - 96243 15303 - 96019 77755



CONA Original Genuine M. 84 888 40000
ROYAL Electric Store
ટોટલ ઇલેક્ટ્રીક એસેસરીઝ, તથા LED લાઈટીંગના હોલસેલ તથા રીટેઈલ વેપારી
1-Floor, Shraddha Height Complex, Nr. Umiya Circle Sanala Road, Morbi


# ગણતંત્ર આઝાદ થયું, પણ દેશવાશીઓ થયા?


વાંચો વિશેષ અહેવાલઃ પાના-(૩) પર



GET the LOOK
AB 'N' CD Men's Wear
Manish Kanani : 99133 18233
Shop No. A-2a, SKY Mall, Sanala Road, Morbi (Guj) INDIA

The Food Court
Big Bite
Scan QR for menu
FREE HOME DELIVERY +91 76230 44446
*T&C Apply

સ્પેશ્યલ લુણો, ક્ષાર, ભેજ માટે રામબાણ ઇલાજ
કલર-પુટ્ટી, ચુના તથા ધાબા લીકેજથી 100% ગેરંટી સાથે છુટકારો
Rajshree Italian Marbale Paste
ઈટાલીયન મારબલ પેસ્ટ શા માટે?
ઇટાલીયન મારબલ પેસ્ટ લગાવ્યા બાદ દિવાલ પર ભેજ, લુણો, કે પોપડી ખરતી નથી
મારબલ પેસ્ટ દિવાલ તથા છતને મજબુત બનાવે છે.
દિવાલ પર કલર કરવાની જરૂર રહેતી નથી ૫ થી ૧૦ વર્ષ ચાલે છે
મારબલ પેસ્ટ લગાવ્યા બાદ દિવાલ પર મારબલ જેવું આકર્ષિત લુક આપે છે.
મારબલ પેસ્ટ અવનવી ડીઝાઈનમાં ઉપલબ્ધ હોય છે. A/c બીલમાં ૧૦-૧૫ ટકા ફાયદો થાય છે.
5 YEAR WARRANTY
નવા મકાનમાં પુટ્ટીની જગ્યાએ સીધુ જ મારબલ પેસ્ટ લગાવી શકાય છે..
જેનાથી દિવાલનુ ફીનીશીંગ અને મજબુતાઈ વધી જાય છે..
ઈટાલીયન મારબલ પેસ્ટ ધાબા લીકેજથી 100% છુટકારો આપે છે.
FREE VISIT
ધમાકા નહિં ધમાકેદાર ઓફર
CALL NOW કુમાર સોનુભાઈ +91-81283 05816 / +91-9588843244
Website: www.rajshreeitalianmarblepaste.com
Scan QR

U.S. PIZZA
Unlimited American Meal
LUNCH-199 DINNER-249
Unlimited pizza, Garlic Bread, Salad, Soup & Brownie with ice cream
Having a party?
BOGO
BUY A LARGE PIZZA AND GET A MEDIUM PIZZA FREE
BUY A MEDIUM PIZZA AND GET A REGULAR PIZZA FREE
Happy Hour 149 3 to 6 PM
*T&C Not valid Marguerite pizza and dine-in
MORBI A-1, UGF, Sky mall, Sanala road, Morbi Ph. 02822-221234
LAJAI Avadh Fun Hub, Opp Dhartidhan Hotel, Morbi-Rajkot Highway, Lajai-Morbi
ORDER ONLINE : www.uspizza.in /uspizza.in /us_pizza_official

Happy Republic Day
ADMISSION OPEN 2019-2020
CHANAKYA KIDS SCHOOL
bring the happiness along with education
ENQUIRE ON 9998891912 / 9925817500
2, Ghanshyam Market- 1, Opp. V-Mart, Ravapar Road Morbi.

JAI GANESH
ઉજવો ગણતંત્ર દિવસ હિરોને સંગ....
ઓછામાં ઓછુ ડાઉન પેમેન્ટ ₹ 5555/-*
Hero
44150/-* 52310/-* 50900/-* 49900/-*
(બ્રાન્ચ-૧) ભક્તિનગર સર્કલ, શનાળા બાયપાસ, મોરબી Mo. 96381 62052, 98980 98602, (બ્રાન્ચ-૨) મહેન્દ્રડ્રાઈવ રોડ, મોરબી. Mo. 8511180376, 70690 01144

PURE VEG OUTLET
La Pino'z Pizza
The Giant Pizza Slices
Wed & Fri Offer
BUY ONE GET ONE FREE
MEDIUM | LARGE PIZZAS
valid on premium, exotic & special category
Pick from 32 NEW PIZZAS
Free Home Delivery
Sun Plaza, Shop No. 1,2,3 Opp. Sky Mall, Sanala Rd, Patel Colony, Vaibhav Nagar Society, Sanala, Morbi
Ph. 8460684404, 8460684808

CHIRAG BHAVSAR +91 8000842400
LIVERPOOL
be the change
Ghanshyam Arcade, Shop No.1, Ravapar road, Morbi
www.liverpool.co.in

KULDEEP: 8200329175
Lee
4 ANNIVERSARY
UP TO 50% OFF *T&C Apply
Wrangler
*Offer Starts From 1st February Limited Time Period Offer
Shop No. A-5, Beside Cosmos Bank, Sanala road, SKY Mall, Morbi

PRAKASHBHAI DABHI MO. : 99136 67022
NARENDRABHAI DABHI MO. : 97274 86739
MARUTI SELECTION
જેન્ટ્સવેર & ચિલ્ડ્રનવેર
SHRADDHA HEIGHTS, SHOP NO. 7, Nr. UMIYA CIRCLE, SHANALA ROAD, MORBI

Rajubhai : 9662288408
Prakashbhai : 9558469292
Hot & Handsome
The Designer Collection for Men's Wear
Shop No. 1, Om Shopping, Opp. Sky Mall, Sanala Road, Morbi-363642

Prahladbhai : 8128491303
M&G
The Designer Collection for Men's & Girl's
Shop No. : 1/11, Shivam Complex, Nr. Sky Mall, Sanala road, Morbi-363641

બાદનપરનો પ્રખ્યાત... ભાવેશ પટેલ ૯૯૦૯૭ ૫૮૧૯૬
શિયાળાની સ્પેશ્યલ વાનગી
નેચરલ ઘુટો
દરરોજ સાંજના જમવાની વ્યવસ્થા ઉપલબ્ધ
ઓર્ડર મુજબ ઘુટો બનાવી આપીશું..
બાદનપરનો પ્રખ્યાત
નેચરલ આઈસ્કીમ
સંચાનો આઈસ્કીમ, શીખંડ, કેરીનો રસ મળશે.
આપના શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.
ભક્તિનગર સર્કલ, એસ્સાર પંપની સામે, તુલસી હોટલની બાજુમાં, શનાળા રોડ, મોરબી

Prahladbhai : 8128491303
Gautambhai : 9913824961
OSM
The Designer Collection for Men's, Ladies & Kids
Canal Road, Avani Chokadi, Tulshi Complex, 1st Floor, Morbi

Prahladbhai : 8128491303
H2 MEN'S WEAR
The Designer Collection for Men's Wear
દુકાન નં.૩, પહેલા માળે, માનવ પ્લાઝા, નરસંગ ટેકરી પાસે, રવાપર રોડ, મોરબી.

Karimbhai 9879806765
Bunty 9909215786
GOLDEN MARKET
SALE UP TO 50% OFF *T&C Apply
VIP
Sakti plot-5, Ravapar Main Road, Morbi

સૌ વાંચકમિત્રો, દેશવાસીઓને ગણતંત્રદિવસની હાર્દિક શુભકામના...
દિવ્યક્રાંતિ
સમાચાર,જાહેરાત માટે સંપર્ક કરો
Cell: 09723162036